**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૮ ટકા ● સાંજે ૨૨ ટકા

# કોરોના વોરિયર્સ સેકટર-૭ પોલીસ ટીમની સંવેદનાત્મક કામગીરી

## સિવિલ હોસ્પિટલ કેમ્પસની ઝાડીઓમાં પડી રહેલી બિમાર અને જીવજંતુઓથી ખદબદતી ભિક્ષુક વૃદ્ધાને તાત્કાલિક સારવાર અપાવી

ગાંધીનગર, તા. ૨૦

સમગ્ર વિશ્વ કોરોના વાયરસ જેવી મહામારી સામે સંઘર્ષ કરી રહ્યું છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર પણ પૂરી તાકાત અને તૈયારી સાથે કોરોના સામે લડી રહ્યા છે. કોરોના સામેના જંગમાં લોકડાઉન એકમાત્ર અસરકારક ઉપાય હોવાથી લોકો પોતપોતાના ઘરમાં જ રહે એ માટે ગુજરાતનાં પોલીસકર્મીઓ ૨૪ કલાક ખડેપગે રહીને લોકડાઉનનું કડકપણે પાલન કરાવી રહ્યા છે. સંકટના આ સમયમાં ગાંધીનગર સેક્ટર-૭ પોલીસ ઈન્સ્પેકટર જે. બી. સિંધવ તેમજ તેમના પોલીસ સ્ટાફની ફરજનિષ્ઠાનો એક કિસ્સો જાણીને કર્તવ્યરત પોલિસની ટીમ સાચી કોરોના વોરિયર્સ છે તેનો અહેસાસ થાય છે. ગાંધીનગરના સે.૭ પોલીસ સ્ટેશનની ટીમે સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં અત્યંત બિમાર હાલતમાં અને અસંખ્ય જીવજંતુથી ખદબદતા શરીર સાથે પડી રહેલી ભિક્ષુક વૃદ્ધાને ઉંચકી સ્ટ્રેચર પર સુવડાવી તેની સારવાર માટે તજવીજ હાથ ધરી હતી.

કોરોના મહામારીનો ચેપ પોતાને ના લાગી જાય એ માટે તમામ નાગરિકો તકેદારીના પગલા લઈ રહ્યા છે. માનવી એકબીજાની નજીક જતા પણ હાલના સંજોગોમાં ડરી રહ્યો છે તેમાંય સ્થિતિ એવી છે કે સિવિલ



હોસ્પિટલ ખાતે જવાનું આવે કે ભલભલાના બે ઘડી શ્વાસ થંભી જાય છે. આવા સંજોગો વચ્ચે ગાંધીનગર સેક્ટર-૭ પોલીસ ઈન્સ્પેક્ટર જે. એચ. સિંધવ, પોલીસ ઈન્સ્પેક્ટર આઈ.એમ. હુદર, હેડ કોન્સ્ટેબલ ગજેન્દ્રસિંહ, કોન્સ્ટેબલ કોમલબેન, ડિમ્પલબેન પેટ્રોલીંગ કરી રહ્યા હતા તે સમયે મેસેજ મળ્યો હતો કે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં એક વૃધ્ધ મહિલાની હાલત ગંભીર છે. આટલો મેસેજ મળતા જ પોલીસ ઈન્સ્પેક્ટર જે. એચ. સિંધવ સ્ટાફના માણસો સાથે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દોડી ગયા હતા અને સિવિલ પહોંચતા જ ઝાડીઓમાં ભિક્ષુક જેવી પડી રહેલી વૃદ્ધા થરથર કાપતી હતી. બિમારીના કારણે ઘણા દિવસોથી ઝાડીઓમાં પડી રહેવાથી તેની આંખો સહિત સમગ્ર શરીર પર કીડીઓ સહિતના જીવજંતુઓ ફરી રહ્યા હતા. આ દ્રશ્ય જોઈ ઘટનાસ્થળે પહોંચેલી પોલીસ પણ હચમચી ગઈ હતી. જોકે ક્ષણભરનો વિલંબ કર્યા વિના ઈન્સ્પેકટર સિંધવે વૃધ્ધ મહિલાને સારવાર કરાવા માટે સિવિલ હોસ્પિટલનો સંપર્ક કર્યો. જ્યાંથી એક મહિલા ડૉક્ટર તાબડતોડ દોડી આવી પ્રાથમિક સારવાર કરી વૃદ્ધ મહિલાને વધુ સારવાર માટે સિવિલમાં લઈ જવાની વાત કરી હતી ત્યારે કોરોનાની મહામારી વચ્ચે કીડીઓ જીવજંતુઓથી લથબથ ભિક્ષુક મહિલાને ઊંચકીને સ્ટ્રેચર પર કોણ મૂકે તેવી સ્થિતિ ઉભી થઈ હતી પરંતુ હેડ કોન્સ્ટેબલ ગજેન્દ્રસિંહે ક્ષણભર પણ પોતાની પરવા કર્યા વિના તુરંત વૃધ્ધ મહિલાને ઊંચકી લઈ સ્ટ્રેચર પર મૂકી હતી. સિવિલમાં તબીબે સારવાર કરતા વૃદ્ધ મહિલાને એકસોથી વધુ તાવ તેમજ ડાયાબીટીસ ૫૦૦થી વધુ જણાઈ આવ્યું હતું. જેની સારવાર કર્યા બાદ આ ભિક્ષુક વૃધ્ધાને વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે કોરોના વાયરસના હાહાકાર વચ્ચે એક વૃધ્ધ મહિલાની સારવાર કરાવી સરાહનીય કામગીરી કરાવનાર એવા ગાંધીનગર સેક્ટર-૭ પોલીસ ઈન્સ્પેક્ટર સિંધવ, ઈન્સ્પેક્ટર હુદર, હેડ કોન્સ્ટેબલ ગજેન્દ્રસિંહ, કોન્સ્ટેબલ કોમલબેન, ડિમ્પલબેન જેવા સાચા કોરોના વોરિયર્સને સિવિલ હોસ્પિટલના તબીબી સ્ટાફે પણ બિરદાવ્યાં હતા.




વૈશ્વિક મહામારી કોરોનાએ લોકોની જીવનશૈલી જ બદલી નાંખી છે. શ્રમિકો પોતાના વતન ચાલ્યા ગયા છે. જે અહીં છે તેઓ જેમ તેમ કરીને દિવસો પસાર કરી રહ્યા છે. નગરની બાંધકામ સાઈટો પર કામ કરતા શ્રમિકો વતન ભણી ચાલ્યા ગયા છે. પરંતુ તેમનો સામાન તેઓ વૃક્ષો પર બાંધીને ગયા છે. જે આ તસ્વીરોમાં જોવા મળી રહ્યું છે.

# લૉકડાઉન દરમ્યાન સેક્ટર-૨૧ની યુવતીનું સર્જનાત્મક ચિત્રકામ

ગાંધીનગર, તા. ૨૦

કોરોના વાયરસ સંક્રમણથી કેટલાંક નાગરિકો ભયભીત પણ છે તો કેટલાક નાગરિકોને તેની ગંભીરતા સમજાતી નથી તેથી લૉકડાઉન તોડી ઘરની બહાર રખડવા નીકળી પડે છે જેના કારણે પોતાની જાત સાથે પોતાના પરિવારને પણ જોખમમાં મૂકે છે. બીજી તરફ એવા પણ નાગરિકો છે જે આ વાસ્તવિકતાને સ્વીકારીને લૉકડાઉનનો ચુસ્તપણે અમલ કરવા સાથે મળેલા ફાજલ સમયનો ઉપયોગ પોતાની સર્જનાત્મકતાને ખીલવવા માટે કરી રહ્યા છે. આ સમય દરમિયાન તેઓ પોતાના અધૂરા શોખને ફરીથી વિકસાવી આત્મસંતોષ પ્રાપ્ત કરી રહ્યા છે. ગાંધીનગરના સેક્ટર-૨૧ માં ખુશ્બુ દવે નામની યુવતી પોતાના ચિત્રકલાના શોખને પુનર્જીવિત કરી પોતાના ઘરમાં રહીને એક એકથી ચડિયાતા ચિત્રો બનાવી રહ્યા છે. કોમર્સમાં માસ્ટર ડિગ્રી મેળવનાર આ યુવતીએ કાગળ પર ચિત્રો દોરવાની સાથે સાથે પોતાના ઘરની દિવાલ પર પણ અનેક આકર્ષક ક્રિએટીવ ચિત્રો બનાવ્યા છે.





ગાંધીનગરમાં પ્રકૃતિ તેની અદભૂત છટા વિખેરી રહી છે. વાહન વ્યવહાર સાવ ઓછો થઈ જતાં પશુ પંખીઓની અવરજવર વધી છે ત્યારે પંખીઓને પાંજરે પૂરવાની ક્રુર પ્રવૃત્તિ ગાંધીગરમાં થઈ રહી છે તે ખૂબ જ શરમજનક બાબત છે. સેક્ટર-૧૧માં એસ.ટી.ડેપોની પાછળ આવેલી ઝાડીઓમાં પોપટના બચ્ચાંને પાંજરે પૂરવાની પ્રવૃત્તિ બેરોકટોક ચાલી રહી હોવાનું ધ્યાને આવ્યું છે. આ પ્રવૃત્તિ પર તાત્કાલિક રોક લગાવવામાં આવે તેવી સૌની માંગ છે.




કોરોના કટોકટીના પગલે સરકાર દ્વારા લાદવામાં આવેલ લૉકડાઉનમાં વાવોલ ગામના પંચાયત પ્રશાસનની મદદે આવી છે. વાવોલના ગ્રામ પંચાયતના સદસ્યો કચરાજી ગોલ તથા અનિલસિંહ ગોલ સહિત રૂપાંગ ગજ્જર, જયેશભાઈ રાવલ અને ખોડાભાઈ વગેરે અગ્રણી જાગૃત ગ્રામવાસીઓ દ્વારા લૉકડાઉનનો ભંગ ના થાય તેની તકેદારી રાખવા ગામમાં પ્રવેશવાના મુખ્ય માર્ગ પર રેલવે ફાટક પાસેથી પસાર થતા નાગરિકોની સઘન પુછપરછ કરી સાવધાની સાથે અવરજવર કરવા વિનમ્રતાથી સરકારના અધિકારીઓ તેમજ પોલીસ પ્રશાસનને સહયોગ આપવા અપીલ કરવામાં આવે છે. આ સાથે સરપંચ નગીનભાઈ નાડિયાના માર્ગદર્શન હેઠળ ગ્રામ પંચાયત દ્વારા જીવનજરૂરી ચીજવસ્તુના વેચાણ સંદર્ભે આપવામાં આવેલ સમયનું પાલન નહી કરતા સાતેક જેટલા સ્થાનિક વેપારીઓ પાસેથી ૫ હજાર જેટલો દંડ પણ વસુલવામાં આવ્યો હતો.

## શહેરમાં મોર્નિંગ વોકર્સ સહિત ૧૯ નાગરીકો સામે જાહેનામા ભંગની ફરીયાદ

ગાંધીનગર,તા.૨૦

ગાંધીનગર શહેરમાં લોકડાઉનની પરિસ્થિતિ વચ્ચે પણ નાગરીકો કામ વિના આંટા ફેરા મારી રહ્યા છે. ઘરની બહાર નીકળવા માટે અવનવા નુસખા અજમાવી રહ્યા છે ત્યારે સેકટર-૭ પોલીસે સવારે ચાલવા માટે નીકળેલા ૫ નાગરીકો પકડી પાડ્યા છે. સેકટર-૮ ના જાહેર માર્ગ પરથી મહેન્દ્રભાઈ મંગળદાસ ત્રિવેદી (સે-૮ સી), જૈમિન રણીકભાઈ પટેલ(સે-૮), સે-૭ ના જાહેર માર્ગપર અલ્પીત અમૃતભાઈ પ્રજાપતિ(સે-૭ ડી), તેમજ સે-૧ તળાવ પાસેથી દેવેન્દ્રકુમાર બળવંતસિંહ યાદવ (સે-૧ એ) તેમજ હીમાંગ જગદીશભાઈ દેસાઈ (સે-૧ સી)નો સમાવેશ થાય છે. જયારે બીજી તરફ સેકટર-૨૧ પોલીસે સે-૩૦ સર્કલ પાસેથી ૨, સે-૧૩ મહાત્મા મંદિર પાસેથી ૨, અક્ષરધામ ચાર રસ્તાથી ૧, અડાલજ પોલીસે ઝુંડાલ ત્રાગડ ટોલટેક્ષ પાસેથી ૪, ઈન્ફોસીટી પોલીસે ધોળાકુવા રામદેવનગર પાસેથી ૨ અને પેથાપુર પોલીસે પેથાપુરના સ્વામીનારાયણ વાડા પાસેથી ૩ નાગરીકોને બિન જરુરી રીતે આંટાફેરા મારતા પકડી પાડયા હતા. આ તમામ નાગરીકોને સામે પોલીસે જાહેરનામાં ભંગની ફરીયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



કોરોનાને પગલે શહેરમાં લૉકડાઉન અંતર્ગત શ્રમિકો, ગરીબો તેમજ જરુરીયાતમંદોને સહાય કરવા જયારે સેવાનો અવિરત પ્રવાહ વહી રહ્યો છે ત્યારે સહિયર ગ્રુપ દ્વારા ગાંધીનગરના વિવિધ સેકટરોમાં જરૂરિયાતમંદોને રોજીંદા જીવનમાં જરુરી એવી ચીજ વસ્તુઓની ૧૦૦ કીટનું વિતરણ ગ્રુપના સભ્યો દ્વારા કરાયું હતું.




લૉકડાઉન દરમિયાન નાગરિકોને મળેલા ફાજલ સમયનો સૌ કોઈ પોતપોતાની રીતે ઉપયોગ કરી રહ્યા છે જેમાં ઘણા અવનવા પ્રયોગો પણ જોવા મળી રહ્યા છે. ગાંધીનગરની પ્રમુખ એલીગન્સ સોસાયટીના સભ્યોએ પોત પોતાના ઘરમાં રહીને અલગ અલગ રીતે બનાવેલા ચિત્રો દ્વારા લોક ડાઉન દરમિયાન ઘરમાં રહે સોશિયલ ડિસ્ટન્સ જાળવવા અંગે ખૂબ સુંદર સંદેશ આપતી એક ફોટો ફ્રેમ તૈયાર કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ સોસાયટીના રહીશો દ્વારા લૉકડાઉનનું ચુસ્તપણે પાલન કરવામાં આવી રહ્યું છે જેમાં નાના ભૂલકાં પણ સારો સહકાર આપી રહ્યાં છે.



લૉકડાઉનની સ્થિતિમાં જરૂરિયાતમંદ વર્ગોના માનવીઓની સ્થિતિ તો ચિંતાજનક બની છે પરંતુ તે સાથે સાથે માનવી સાથે રહેતા અને માનવ સમાજ જીવન સાથે કોઈને કોઈ રીતે સંકળાયેલા પ્રાણીઓ જેવા કે કૂતરા, વાંદરા તથા અન્ય પશુ-પક્ષીઓ વગેરેની સ્થિતિ પણ મુશ્કેલીભરી બની છે કેમ કે આ પ્રકારના પ્રાણીઓનો ઘણો બધો આહાર માનવી દ્વારા જ પૂરો પાડવામાં આવતો હોય છે. ગાંધીનગરના જીવદયા પ્રેમી યુવાનોની સંસ્થા પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ દ્વારા આ અબોલ જીવોના આહારની તકેદારી રાખવામાં આવી રહી છે. આ યુવાનો દ્વારા એક અંદાજ મુજબ દરરોજ આ આશરે ત્રણસો જેટલા મુંગા પ્રાણીઓને ખોરાક પૂરો પાડવામાં આવી રહ્યો છે.

## સેક્ટર-૩૦ સર્કલ પાસે વાહન ચેકીંગ દરમિયાન એક્સેસમાંથી ૪ બોટલ વિદેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર,તા.૨૦

કોરોનાને પગલે સમગ્ર રાજયમાં લોકડાઉન છે. ત્યારે લોકડાઉનને અનુલક્ષી પાટનગરના તમામ પ્રવેશદ્વાર પર પોલીસ તંત્ર દ્વારા સઘન વાહન ચેકીંગ ઝુંબેશ હાથ ધરાઈ છે. શહેરમાં પ્રવેશતા તમામ વાહનોની નોંધ પણ કરવામાં આવે છે. ત્યારે શહેરના સેકટર-૩૦ સર્કલ પાસે વાહન ચેકીંગ દરમિયાન એકસેસ ચાલક વિદેશી દારુની ૪ બોટલ સાથે ઝડપાયો હતો. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ સેકટર-૨૧ પોલીસનો સ્ટાફ સે-૩૦ સર્કલ પાસે વાહન ચેકીંગ કરી રહ્યો હતો તે સમયે ચિલોડા તરફથી એકસેસ વાહન લઈને ચાલક આવ્યો હતો.પોલીસે તેનુ નામ પુછતા તેણે ધરમપુર ભુંડીયાનો હરેશ શંકરસિંહ રાઠોડ (ઉં.૩૯) હોવાનું જણાવ્યું હતું. લોકડાઉની સ્થિતિમાં બહાર નીકળવાનું કારણ પુછતા તેણે યોગ્ય જવાબ આપ્યો ન હતો.પોલીસે શંકાને પગલે વાહનની ડેકી ચેક કરતા અંદરથી વિદેશી દારૂની ૪ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.૨ હજારની કિંમતનો દારુ,૧૫ હજારની કિંમતનું જી.જે.૧૮. સી.ડી.૪૩૭૮ નંબરનુ એકસેસ અને મોબાઈલ મળીને કુલ રૂ.૧૮૫૦૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને સેકટર-૨૧ પોલીસે આરોપી હરેશકુમાર રાઠોડ સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# નગરના કેરી રસિયાઓ લૉકડાઉન મુક્તિની રાહમાં

ગાંધીનગર, તા.૨૦

ઉનાળો આવે અને ફળોનો રાજા કેરીની યાદ આવે. આ લૉકડાઉનની પરિસ્થિતિમાં કેરી મળશે કે નહીં આ બાબતે પ્રશ્ન છે. કોરોનાને લીધે સમગ્ર દેશ મૂંઝવણમાં છે લોકોને ખાવા-પીવાની મુશ્કેલી પડી રહી છે, ખેતરોમાં પાક છે પણ એકત્ર કરવા માટે મજૂરો મળતા નથી ત્યારે શહેરના કેરી રસિકોને કેરી મળશે કે નહીં તે બાબતે પ્રશ્ન છે. ગાંધીનગરમાં બહારના કોઈને પણ એન્ટ્રી નથી અપાતી અને એની બહાર કોઈ જઈ શકતું નથી એટલે કેરીના બોક્સ લાવવા માટે વેપારીઓ પણ લાચાર છે.

નાના બાળકોથી લઈને



મોટા તમામને કેરી તદ્દન પ્રિય છે. મોટેરા કહેતા કે, સિઝનલ ફ્રૂટ્સ ખાવાં જોઈએ અને બાળકોને એમ જ જો ચીકુ આપવામાં આવે તો એ ખાવાની ના પાડે છે પરંતુ કેરીનું નામ પડે તો ઉત્સાહભેર કેરી ખાવા માટે તૈયાર થઈ જાય છે. પરંતુ ગાંધીનગરમાં આ વર્ષે લાગે છે કે પ્રમાણમાં કેરીનો જથ્થો ઓછો આવશે અથવા તો ગાંધીનગરથી વંચિત રહી શકે છે. આ બાબતે શહેરમાં વર્ષોથી કેરીનો વેપાર કરતા રહીમ ચાચા કહે છે કે, અમે તો કેરી લાવવા તૈયાર છીએ. અમદાવાદ સુધી કેરીનો જથ્થો પહોંચી પણ ગયો છે પરંતુ લૉકડાઉનના કારણે અત્યારે કેરી લેવા જઈ શકાય તેમ નથી. લૉકડાઉન ખુલે અથવા તો છૂટછાટ આપવામાં આવે તો જ કેરીનો જથ્થો ગાંધીનગર સુધી પહોંચી શકે બાકી કેરી આવવાના કોઈ ચાન્સ નથી.

આ સાથે બીજો પ્રશ્ન એમ પણ છે કે અમુક લોકો એવું માની રહ્યા છે કોરોના ફળો અને શાકભાજીથી ફેલાય છે તેથી કેરી ગમે તેટલી હોવા છતાં પણ અમુક દ્વારા ખરીદી પણ નહીં જ થાય તેવું પણ મનાઈ રહ્યું છે. આ બધી બાબતો વચ્ચે શહેરના કેરી રસિકો કેરીની રાહ જોઈ રહ્યા છે અને બીજી બાજુ લાગી રહ્યું છે કે લૉકડાઉનના નિર્ણય પરથી જ કેરી નું ભવિષ્ય નક્કી થશે.




લૉકડાઉનના પગલે સરકારે ઘણી બધી યોજનાઓમાં સહાય જાહેર કરી તેની રકમ ખાતમાં જમા કરાવી છે. આ રકમ ઉપાડવા માટે બેંકોમાં લાંબી લાઈન જોવા મળી રહી છે. સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરી બેંકોમાં તમામ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.